# જ્ઞાનગંગા

## યુનિવર્સિટી ન્યૂઝ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

વર્ષ-૧૦ | અંક-૨૮ (આંતરિક વિતરણ) | ૧૬ એપ્રિલ, ૨૦૧૬











युनिवर्सिटी




परिसंवाद


डॉ. बाबासाहब



# જ્યોતિર્મય પરિસર : પ્રવેશ અને પ્રગતિ

ગુજરાત રાજ્યની એકમાત્ર રાજ્ય સ્તરીય ઓપન યુનિવર્સિટી એવી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું આ રજતજયંતિ વર્ષ છે. અઢી દાયકાની વણથંભી વિદ્યાયાત્રાએ અનેકવિધ પડાવો જોયા છે. સમગ્ર રાષ્ટ્રમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે દૂરવર્તી શિક્ષણપદ્ધતિની વિપુલ સંભાવનાઓને ધ્યાનમાં લઈ ઓપન યુનિવર્સિટીની શરૂઆતો થઈ તેમાં ૧૯૯૪માં ગુજરાત રાજ્યમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પ્રારંભ આ દિશાની ઐતિહાસિક ઘટના પૂરવાર થઈ. રાજ્યના મુખ્ય શહેર અમદાવાદ ખાતે યુનિવર્સિટીનું મુખ્ય કાર્યાલય-પરિસર હોય તેવી વિચારણાના પ્રથમ ચરણમાં શાહીબાગ-ડફનાળા ખાતે યુનિવર્સિટીનો વિધિવત્ પ્રારંભ થયો. અભ્યાસક્રમો, કેન્દ્રસંખ્યા અને વિદ્યાર્થી સંખ્યામાં અભિવૃદ્ધિના બીજા પડાવે સ્થળાંતર થયું અને સરખેજ-ગાંધીનગરના રાજમાર્ગ પર સોલા-સિવિલ હૉસ્પિટલની સામે આવેલ સરકારી સંસ્થા આર.સી. ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટના વિશાળ પરિસરમાં યુનિવર્સિટી પુનઃ નવા ઉત્સાહથી ધબકતી થઈ. રાજ્યવ્યાપી કેન્દ્રોના સંચાલકશ્રીઓ અને વિશાળ વિદ્યાસમાજમાં શૈક્ષણિક ગતિવિધિ અને વિદ્યાલક્ષી અભિગમથી મજબૂત છાપ અંકિત થતી રહી. પદવી, પ્રમાણપત્ર, ડિપ્લોમા અને પીએચ.ડી. જેવા અભ્યાસક્રમોની સંખ્યાની દૃષ્ટિએ સમૃદ્ધિ અને ગુણવત્તાની ઓળખ પ્રસ્થાપિત થવાના એ વર્ષો હતા. સમગ્ર વિશ્વ સાયબર યુગમાં પ્રવેશી ચૂક્યું હતું અને અત્યાધુનિક ટેકનોલોજીના સથવારે દૂરવર્તી શિક્ષણની ક્ષિતિજોનો વિસ્તાર થવાની અપાર શક્યતાઓથી સભર એકવીસમી સદીના બીજા દાયકાના પ્રારંભે યુનિવર્સિટીનું પોતાનું પરિસર નિર્માણ પામે એવી ઉજળી શક્યતાઓના દ્વાર ખુલી ચૂક્યા હતા.

ગતિશીલ, ગૌરવશાળી ગુજરાતના શાસકોએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિશાળ કેમ્પસ માટે તથા વિવિધ ભવનોના નિર્માણ માટે ઉદાર મનથી અનુદાન ફાળવણી કરી વિશ્વવિભૂતિ, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના નામથી વિભૂષિત એવી યુનિવર્સિટીને ગરિમાપૂર્ણ ભવ્ય પરિસરની ભેટ મળી. ભવનનિર્માણથી લઈ પરિસરના લોકાપર્ણ સુધીની વિકાસયાત્રામાં તત્કાલીન કુલપતિશ્રી ડૉ. મનોજ સોની અને બૉર્ડ ઑફ મેનેજમેન્ટના સદસ્યો ઉપરાંત વહીવટી સ્ટાફની સક્રિયતાને સાર્થક પરિણામ મળ્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની પૂર્વસંધ્યાએ નવનિર્મિત જ્યોતિર્મય પરિસર લોકાર્પણનો ભવ્યાતિભવ્ય સમારોહ યોજાઈ ગયો. ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીજીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યનાં માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા વિશેષ અતિથિઓ તરીકે માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માન.મંત્રીશ્રી રમણલાલ વોરા, રાજ્યકક્ષાના માન. શિક્ષણમંત્રીશ્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ; યુનિવર્સિટી માટે ઐતિહાસિક કહી શકાય એવા આ પ્રસંગમાં ઉપસ્થિત રહી પ્રસંગની ગરિમા વધારી હતી.

જ્યોતિર્મય પરિસરના લોકાપર્ણ સમારોહમાં યુનિવર્સિટીની વિકાસયાત્રાના સાક્ષી, સહભાગી હોદ્દેદારો, રાજ્યની અન્ય યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, વરિષ્ઠ કેળવણીકારો, કેન્દ્ર સંયોજકો રાજ્યની વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ તથા વિદ્યાર્થી સમુદાયની ઉત્સાહવર્ધક હાજરી રહી.યુનિવર્સિટી પરિસરમાં આવેલા વિવિધ ભવનોને પ્રાચીન ઋષિઓના નામથી વિભૂષિત કરવામાં આવ્યા છે. વ્યાસ, વાલ્મિકી, વશિષ્ઠ, બુદ્ધ આદિ વિભૂતિઓનું નામાભિધાન પામેલાં ભવનોમાં શિક્ષણકાર્ય જીવંત બને એવી મોકળાશ મળી. જય-વિજય દ્વારેથી યુનિવર્સિટી પરિસરમાં પ્રવેશતા દરેક મુલાકાતીનું ધ્યાન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા તરફ અચૂક જાય છે. પ્રતિમાનું સ્થળ અને તેજ સમગ્ર પરિસરની પ્રભાવોત્પાદકતામાં અભિવૃદ્ધિ કરે છે. ગૌતમ સભાગૃહ અને ચૈતન્ય સ્ટુડિયો સમગ્ર વિદ્યાપ્રવૃત્તિના પ્રસારણ, આયોજન, દસ્તાવેજીકરણ અને પ્રસંગપર્વના હાર્દરૂપ સ્થાનો છે.





**ડૉ. મનોજ સોની (1 Aug 2009 to 31 July 2015)**

જ્યોતિર્મય પરિસરનું લોકાર્પણ માનનીય કુલપતિશ્રી ડૉ. મનોજ સોનીના કાર્યકાળમાં થયું. આધુનિક ટેકનોલોજીના વિનિયોગથી શિક્ષણનો પ્રસાર કરવાના અનેકવિધ પ્રકલ્પોમાં OMKAR-e અંતર્ગત ઓનલાઈન અભ્યાસક્રમો નિ : શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવ્યો. સ્વાધ્યાય ટેલિવિઝન અને સ્વાધ્યાય રેડિયો જેવા મહત્તવાકાંક્ષી પ્રકલ્પો દ્વારા "શિક્ષણ સૌને દ્વાર" જેવો મૂળમંત્ર સિદ્ધ કરવાનું આયોજન હતું. મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકર તથા સ્વામી શ્રી વિવેકાનંદજીના શિક્ષણને છેવાડાના વિદ્યાર્થી સુધી પહોંચાડવાના વિચારને ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી દ્વારા સાકાર કરતાં Wrold's most advance classroom on wheels. ડી. ડી.ગિરનાર , અમદાવાદના સહયોગથી " વિદ્યાસેતુ" જીવંત શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીને ફોન દ્વારા તજજ્ઞ પાસેથી માહિતી ઉપલબ્ધ કરાવવા સાથે યુનિવર્સિટી તંત્ર પૂરી ઉર્જાથી કાર્યાન્વિત થાય તેવાં ડૉ. મનોજસોનીના પ્રયાસો હંમેશા સ્મરણીય રહેશે.

**ડૉ. રવિ ગોર (1 Aug 2015 to 6 December 2015)**

કુલપતિશ્રી ડૉ. મનોજ સોનીના કાર્યકાળ બાદ એકેડેમિક ડાયરેક્ટર શ્રી ડૉ. રવિ ગોરને કાર્યકારી કુલપતિ તરીકે જવાબદારી નિભાવવાની આવી. કુલપતિશ્રીની વિધિવત નિયુક્તિ થાય ત્યાં સુધી મર્યાદિત સત્તા અને હાથવગી જવાબદારી  વચ્ચે વાજબી સંયોજન કરી ડૉ. રવિ ગોરે પ્રસ્થાપિત પરંપરા અને  પ્રતિષ્ઠાની સુયોગ્ય માવજત કરી. ચાર મહિનાના તેમના કાર્યકારી કુલપતિ તરીકેના કાર્યકાળ દરમિયાન પરંપરાગત શૈક્ષણિક ગતિવિધિની સમાંતરે ચૈતન્ય સ્ટુડિયો અને ગૌતમ સભાગૃહમાં વિવિધ કાર્યક્રમો થતા રહ્યા.







**ડૉ. પંકજ એલ. જાની** **(7 December 2015 to )**

**કુલપતિશ્રી, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

રાજય સરકાર દ્વારા વિધિવત રીતે ડિસેમ્બર -૨૦૧૫ ના પ્રથમ સપ્તાહનાં અંતિમ ચરણમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીની નિમણૂંક કરવામાં આવી. જેમને શિક્ષણ અને વહીવટી ક્ષેત્રે અનુભવ સમૃદ્ધિ સાથે નિમણૂંક થઈ. નવનિયુક્ત માનનીય કુલપતિશ્રી પંકજ એલ. જાનીજીએ ખૂબ જ સહજ રીતે પરિચય મેળવ્યો અને તદ્દન નિર્ભાર રીતે સૌને આત્મીયતાનો પરિચય કરાવ્યો. પરંપરાગત શિક્ષણ પદ્ધતિનો કોલેજ કક્ષાથી લઈ કુલપતિ પદ સુધીની સફળ યાત્રા બાદ દૂરવર્તી શિક્ષણ પદ્ધતિના મહત્તવના મુકામે કાર્યભાળ સંભાળતાની સાથે જ સ્ટાફ સાથે નિયમિત બેઠકોના દોરની સમાંતરે વિવિધ વિષયોના તજજ્ઞો સાથે બેઠકો, કેન્દ્ર સંયોજકો સાથે સંવાદ અને રાજયની વિવિધ યુનિવર્સિટીની વિદ્યાકીય ગતિવિધિઓનું તટસ્થ , સૂક્ષ્મ નિરીક્ષણ કરીને સૌને સક્રિય રહેવા અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સફળ પરંપરાને વધુ સુદ્રઢ કરવાના એક પછી એક વિકલ્પો આગામી વર્ષોમાં થાય નવનિર્મિત જ્યોતિર્મય પરિસરનું નામ સાર્થક થાય તે દિશામાં સમયની સાથે કદમ મીલાવતું દ્રષ્ટિ સંપન્ન નેતૃત્વ સાંપડ્યું હોવાના કારણે વિવિધલક્ષી કાર્યક્રમો કરવામાં આવ્યાં. ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જન્મદિને તેમના જીવન , કાર્ય , દર્શન વિશે સર્વાંગી અભ્યાસ થાય તેવા સુભાશય અને ૧૪ એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશે રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદ, સંગોષ્ટિ જેવાં કાર્યક્રમો યોજવાના નિર્ણયો કર્યા. આવા વિકલ્પો સાથે ડૉ. પંકજ એલ. જાની સાહેબે પદવીદાન સમારંભ યોજવાના વિચાર વિમર્શ વહેતો મુકયો.



## આપણી યુનિવર્સિટી

### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ(ACT)- 'ગુજરાત ઍક્ટ નં.14' વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિ.13 એપ્રિલ, 1994ના રોજ થઈ અને તેનું અમલીકરણ દિ.26 એપ્રિલ, 1994ના રોજ કરવામાં આવ્યું.

## મુદ્રા - ધ્યાનમંત્ર : અર્થબોધ

મુદ્રાનું વર્તુળાકાર સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્રોત-સ્વ-ઉપર છે.

સમગ્ર મુદ્રામાં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા 'પરિવર્તનશીલતા' અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' અને 'જીવનપંથ ઉજાળ'-બંને સૂત્રોમાં એક સહિયારું તત્ત્વપ્રકાશ છે; જે જ્યોતઃ દ્વારા દર્શાવાય છે. જ્યોત - તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

## યુનિવર્સિટીના ઉદ્દેશો:

- અત્યાધુનિક સંચારમાધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

## યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ:

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ/પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઈન-એઈડ કૉલેજો/સરકારી કૉલેજો/અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષસભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસ સામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે 'વિદ્યાર્થી સહાય સેવાઓ' અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમ પૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- Live "Phone in Radio Counseling" તથા "Satellite Open and Distance Learning" દ્વારા પરામર્શનની વ્યવસ્થા.
- અત્યાધુનિક "State of the Art" ચૈતન્ય સ્ટુડિયો દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી 'સ્વાધ્યાય રેડિયો' અને 'સ્વાધ્યાય ટેલિવિઝન'નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગી માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઈટ.
- અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક અને પ્રમાણપત્ર
- 10+2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી સ્નાતકકક્ષા વિનયન શાખા (આર્ટ્સ)માં પ્રવેશ લઈ શકે છે.

## ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૬

૨૬ મી જાન્યુઆરી ૨૦૧૬ પ્રજાસત્તાક દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય" પરિસરમાં યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્ય સમુદાય સાથે થઈ. રાષ્ટ્રભક્તિથી સભર ગીત-સંગીતનું પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન થયું. યુનિવર્સિટીના પરિવારજનો શૌર્યગીત અને વ્યાખ્યાન પ્રસ્તુત કરી પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી અને યુનિવર્સિટીના પ્રાંગણમાં દેશભક્તિ માહોલ ઊભો થઈ ગયો હતો. ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા ૨૬મી જાન્યુઆરીના ઐતિહાસિક મહત્ત્વ પર સૌનું ધ્યાન દોર્યું છે.



આ કાર્યક્રમમાં પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય (કા.કુલસચિવ) અને ડૉ. આવા શુક્લા( નિયામક SS) પ્રાસંગિક વક્તવ્યમાં નાગરિક તરીકેની નિસ્બતને શબ્દોમાં વ્યકત કરી. યુનિવર્સિટી પરિવારમાંથી વધુને વધુ સભ્યો રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં પોતાની પ્રસ્તુતિ અને સહભાગિતા દાખવે તેવી માનનીય કુલપતિ ડૉ. પંકજ એલ. જાનીની પ્રેરણા અને અનુરોધના કારણે પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વિશેષ સક્રિયતા જોવા મળે. આ કાર્યક્રમનું સુચારુ સંચાલન પ્રમોદભાઈ પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું.



## રાષ્ટ્રીય પરિસંવાદ

ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પુણ્યસ્મૃતિમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન થયું.



માનનીય શિક્ષણમંત્રીશ્રી (રાજ્યકક્ષા) પ્રો. શ્રીમતી વસુબહેન ત્રિવેદીની અધ્યક્ષતામાં ઉદઘાટન સત્રની બેઠકમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજભાઈ એલ. જાનીએ સ્વાગત વક્તવ્યની સાથે આંબેડકરજી વિષયક અભ્યાસપૂર્ણ વિભૂતિવંદના પ્રસ્તુત કરી હતી. નિયામક (શૈક્ષણિક) ડૉ. રવિ ગોરે સમગ્ર પરિસંવાદની વિષય વૈવિધ્યને કેન્દ્રમાં રાખી શૈક્ષણિક ભૂમિકા વ્યક્ત કર્યા બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. દક્ષેસભાઈ ઠાકર તથા વરિષ્ઠ પત્રકાર અને સામાજિક અગ્રણીશ્રી કિશોરભાઈ મકવાણાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જીવનકાર્ય તથા જીવન ઘડતર વિષે વિશદ વક્તવ્ય રજૂ કર્યું.




પરિસંવાદનું હાર્દરૂપ વક્તવ્ય પદ્મશ્રી ડૉ. ગુણવંતભાઈ શાહે આપ્યું. તેમણે સ્કોલર આંબેડકર શૈક્ષણિક પ્રભાવની ઐતિહાસિક વિગતો તથા પ્રચંડ આત્મબળની વાત રસપ્રદ શૈલીમાં રજૂ કરી. અધ્યક્ષ સ્થાનેથી માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ, સામાજિક સમરસતા તથા નારી ઉત્કર્ષ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીએ કરેલ પ્રદાનની સરાહના કરવાની સાથે બંધારણના ઘડતર દ્વારા કરેલી રાષ્ટ્રસેવા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ઉદઘાટન બેઠકનું સંચાલન ડૉ. યોગેન્દ્ર પારેખે કર્યું હતું. તથા આભારદર્શન કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે કર્યું હતું.




પરિસંવાદની દ્વિતીય બેઠક સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાની અધ્યક્ષતામાં મળી  હતી. આંબેડકરવિદ્, નિવૃત પ્રાધ્યાપક શ્રી. પી.જી. જ્યોતિકરે, 'બંધારણના ઘડતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીનું પ્રદાન તથા ભારતના બંધારણમાં માનવાધિકારનું સ્થાન' વિષય પર અભ્યાસપૂર્ણ વ્યક્તવ્ય આપ્યું હતું. નિવૃત્ત પ્રાધ્યાપક તથા રાજકીય વિશ્લેષક, ચિંતક શ્રી હર્ષદભાઈ યાજ્ઞિકે, ' 'ભારતીય અર્થતંત્ર પર ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના વિચારોની અસર' વિષય ઉપર સંક્ષિપ્તમાં પણ રસપ્રદ વ્યક્તવ્ય આપ્યું. અધ્યક્ષશ્રી વ્યક્તવ્યમાં માનનીય મંત્રીશ્રી રમણલાલજી વોરાએ ડૉ. બાબાસાહેબના જીવન તથા કાર્યની વિગતે વાત કરી હતી. નોંધપાત્ર અસરકારકતા સાથે તેમણે વ્યક્તવ્ય આપ્યું અને છેવાડાના માનવી પ્રત્યે પ્રતિબદ્ધ રહેવાની વાત દોહરાવી હતી.




ભોજન વિરામ બાદની  તૃતીય બેઠકમાં સમગ્ર યુનિવર્સિટી પરિસરમાં ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. મનોજ શાહ, ડૉ. કૃતિ છાયા, ડૉ. હેતલ ગાંધી, પ્રા. સંજય પટેલ, ડૉ. મૌનસ ઠાકર આદિના સંયોજન હેઠળ અલગ-અલગ સમાંતર બેઠકોમાં સહભાગી દરેક શોધકર્તાને પોતાના શોધપત્રો રજૂ કરવાની તક મળી, ત્રીજી બેઠકના સંચાલન તથા શૈક્ષણિક વ્યવસ્થામાં વૉકેશનલ ઍન્ડ પ્રોફેશનલ વિભાગના પ્રા. મેહલ પંડ્યા તથા શ્રી ભાવિક બારોટનો ઉલ્લેખનીય સહયોગ રહ્યો. શોધપત્ર રજૂઆતની વિવિધ બેઠકો અસરકારક રીતે સફળ રહી હોવાના સંતોષને સહભાગી અધ્યાપકોએ વ્યક્ત કર્યા.



ચતુર્થ બેઠક સમાપન બેઠક મા. કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની સાહેબની અધ્યક્ષતામાં મળી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠાવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદથી ઉપસ્થિત ડૉ. આનંદ ઉબાલે, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. રમેશ મકવાણા તથા ડૉ. કાશ્યપી અવસ્થીએ પોતાના વક્તવ્યોમાં સંશોધનની શિસ્ત અને વિશ્લેષણાત્મક અભ્યાસની અસરકારક રજૂઆત કરી અને પરિસંવાદની સાર્થક દિશાનો અનુભવ કરાવ્યો. એચ. કે. આર્ટ્સ કોલેજના આચાર્ય સુભાષભાઈ બ્રહ્મભટ્ટે 'ડૉ. બાબાસાહેબના કેળવણી વિચાર' ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું.



સમાપન વક્તવ્યમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજભાઈ એલ. જાની સાહેબે પરિસંવાદ દિવસની અભ્યાસપૂર્ણ સભરતા અને સમગ્ર પરિવારની સક્રિયતા વિશે આનંદની તથા ઊંડા પરિતોષની લાગણી વ્યક્ત કરી. કા. કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે પરિસંવાદમાં સહભાગી સર્વ કેળવણીકારો, અધ્યાપકશ્રીઓ, મહેમાન વક્તાશ્રીઓ તથા મીડિયા સહિત નાના-મોટા સર્વ કર્મચારીઓનો આભાર માન્યો હતો.
















राष्ट्रीय परिसंवाद


(गुजरात सरकार द्वारा स्थापित)

# યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રોના પ્રવેશની માહિતી
## Aug. 2015 and Feb. 2016

| કેન્દ્ર કોડ | કેન્દ્રનું નામ | કુલ |
|---|---|---|
| 101 | એલ.ડી. આર્ટ્સ કોલેજ. અમત મોદી સ્કુલ ઓફ મેનેજમેન્ટ કેમ્પસ. વસ્ત્રાપુર. અમદાવાદ. | 610 |
| 102 | શ્રીમતી એ.પી. પટેલ આર્ટ્સ કોલેજ એન્ડ સ્વ. શ્રી એન.પી. પટેલ કોમર્સ કોલેજ, નરોડા, અમદાવાદ. | 180 |
| 104 | મધ્યસ્થ જેલ, સાબરમતી, અમદાવાદ | 106 |
| 108 | સરદાર વલ્લભભાઈ પટેલ વાણિજ્ય મહાવિદ્યાલય , રીલીફ રોડ, અમદાવાદ. | 175 |
| 109 | "માનવ સાધના" , ગાંધી આશ્રમ, અમદાવાદ. | 162 |
| 111 | શ્રી ડી.સી.એમ.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,મુ.તા. વિરમગામ,જી. અમદાવાદ. | 236 |
| 115 | શ્રી ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલય. માંડલ. જિ. અમદાવાદ. | 160 |
| 121 | શ્રી એચ.કે.આર્ટ્સ કોલેજ. આશ્રમ રોડ. અમદાવાદ-૩૮૦૦૦૯ | |
| 127 | શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજ. શાહ-એ- આલમ. ટોલનાકા . ગીતા મંદિર રોડ. અમદાવાદ. | 340 |
| 128 | ઉમિયા આર્ટ્સ કોલેજ. સરખેજ – ગાંધીનગર હાઈવે. સોલા. અમદાવાદ હકકાં - ૩૮૦૦૬૦. | 487 |
| 133 | ઓમ ક્લીનીક યોગ, આયુર્વેદ અને પંચકર્મ સેન્ટર, ચાંદલોડિયા, અમદાવાદ-૩૮૨૪૮૧ | 419 |
| 143 | શ્રી ક્રિષ્ના કલ્ચર એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, ત્રીજો માળ, બાપુનગર , અમદાવાદ. | 342 |
| 149 | સિન્ધેશ્વરી એજ્યુકેશન ટ્રસ્ટ. અમરાઈવાડી. અમદાવાદ. | 271 |
| 150 | હિન્દી ભાષા પ્રચાર સંઘ રખિયાલ રોડ. અમદાવાદ. | 138 |
| 152 | હરિ ઓમ સેવા ટ્રસ્ટ. ગોમતીપુર.અમદાવાદ. | 144 |
| 160 | શ્રી સાબરમતી વિદ્યામંદિર ટ્રસ્ટ. સાબરમતી. અમદાવાદ. | 329 |
| 163 | સરસ્વતી વિદ્યામંડળ સરસપુર. અમદાવાદ. | 346 |
| 172 | ધ અખિલ ભારતીય વ્યાયામ મહામંડળ, હાથીજણ, અમદાવાદ. | 102 |
| 203 | લોકશાળા, ખડસલી, અમરેલી | 70 |
| 204 | શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા, અમરેલી. | 392 |
| 205 | શ્રી જી.એમ. બીલખિયા કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ, સાવરકુંડલા, અમરેલી. | 249 |
| 212 | શ્રી સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, ગુરુકુળ, સાવરકુંડલા, અમરેલી. | 38 |
| 301 | જે. બી. ઠક્કર કોલેજ ઓફ કોમર્સ, ભુજ. | 81 |
| 302 | તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર, કચ્છ. | 1251 |
| 304 | શેઠ સુરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ. નાગલપર રોડ. માંડવી- કચ્છ. | 738 |
| 308 | ભુજ (પાલારા) ખાસ જેલ | 163 |
| 401 | નલિની –અરવિંદ એન્ડ ટી.વી. આર્ટ્સ  કોલેજ, વલ્લભવિદ્યાનગર. | 32 |
| 403 | શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા, મુ.પો. પેટલાદ, જિ- આણંદ | 941 |
| 412 | શ્રી વીરપુર મહિલા ઉત્કર્ષ મંડળ, વીરપુર, જિ-ખેડા. | 89 |
| 415 | શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ, આણંદ | 198 |
| 416 | પટેલ જે.બી.આર. આર્ટ્સ પટેલ, બોરસદ. જિ-આણંદ | 209 |
| 418 | ખેડા આર્ટ્સ કોલેજ. ખેડા. | 172 |
| 431 | નડિયાદ જિલ્લા જેલ | 1736 |
| 501 | ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ.સેક્ટર-૧૫. ગાંધીનગર. | 61 |
| 505 | શિવાશ્રમ કુદરતી સ્વાસ્થ્ય મંદિર. દંતાલી. ગાંધીનગર | 846 |

| | | |
|---|---|---|
| 506 | આઈ. વાય.ડી.એ. ઓ શાંતિનિકેતન. સેક્ટર-૨૯.. ગાંધીનગર | 61 |
| 507 | એમ.બી. કોલેજ ઓફ કોમર્સ. દહેગામ. જિ- ગાંધીનગર. | 308 |
| 510 | શ્રી પી.એચ.જી . મ્યુનિ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ, જી- ગાંધીનગર. | 49 |
| 517 | એચ. એસ. પટેલ શિક્ષણ સંકુલ કલ્પના. ચાંદખેડા. જી- અમદાવાદ. | 371 |
| 529 | શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગર | 201 |
| 532 | શ્રી જનજાગૃતિ કેળવણી મંડળ, મુ.પો. કલોલ, જિ- ગાંધીનગર. | 34 |
| 608 | શ્રી વિનાયક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, જામનગર. | 113 |
| 612 | જામનગર જીલ્લા જેલ | 20 |
| 701 | શ્રી શારદા ગ્રામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ. મુ.તા. માંગરોળ. સોમનાથ | 36 |
| 704 | જુનાગઢ જીલ્લા જેલ | 232 |
| 709 | સ્વ.જે.કે.ચમ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વેરાવળ, ગીર સોમનાથ | 02 |
| 710 | શ્રી કે.ડી. બારડ સ્મારક સંચાલિત આર્ટસ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ, ઊના, ગીર સોમનાથ | 363 |
| 715 | શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જુનાગઢ | 392 |
| 718 | સોમનાથ કોલેજ. વેરાવળ હાઈ-વે.જુનાગઢ. | 621 |
| 901 | નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ. દાહોદ. | 01 |
| 902 | વાય.એસ. આર્ટસ કે. એસ.શાહ કોમર્સ કોલેજ, દેવગઢ બારિયા. | 2158 |
| 906 | શ્રી કે. આર. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદ, દાહોદ. | 255 |
| 907 | મહિલા બી.એડ.કોલેજ, નગરાળા, જી. દાહોદ | 168 |
| 1001 | નતન ભારતી. મુ.પો. મડાણા-ગઢ. બનાસકાંઠા | 517 |
| 1002 | આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર. | 4626 |
| 1003 | શ્રી ટી.સી.આર્ટસ એન્ડ જે.વી.કોમર્સ કોલેજ. રાધનપુર. પાટણ. | 1391 |
| 1007 | મહિલા આર્ટસ કોલેજ, આદર્શ કેમ્પસ, ડેરી રોડ.પાલનપુર | 891 |
| 1008 | બનાસ જનકલ્યાણ ટ્રસ્ટ.બનાસકાંઠા | 493 |
| 1011 | પ્રેરણા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ. ભીલડી. ડીસા. બનાસકાંઠા | 547 |
| 1021 | પાલનપુર જિલ્લા જેલ | 261 |
| 1022 | શ્રી મહારાજ ડિસ્કવરી સાર્વજનિક ડેવલપમેન્ટ ટ્રસ્ટ, મેઈન બજારથરાદ, બનાસકાંઠા | 39 |
| 1026 | ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા, બનાસકાંઠા | 640 |
| 1101 | અંજુમન-એ- તાલીમી –ઈદારા . કોર્ટ રોડ. ભરૂચ. | 266 |
| 1106 | સત્યમ કોલજ ઓફ એજ્યુકેશન. જિ-ભરૂચ | 903 |
| 1112 | ભરૂચ સબ જેલ. ભરૂચ. | 72 |
| 1201 | શિક્ષણશાસ્ત્ર ભવન યુનિવર્સિટી.ભાવનગર યુનિવર્સિટી. ભાવનગર. | 19 |
| 1209 | કે.આર. દોશી માધ્ય. તથા ઉ.માધ્ય. સરદારનગર. ભાવનગર. | 255 |
| 1212 | શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ. બોટાદ. ભાવનગર. | 328 |
| 1218 | લીલા-ઉષા મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટ શિક્ષણ દ્વારા સ્ત્રીસશક્તિકરણ.પાનવાડી, ભાવનગર. | 157 |
| 1220 | મધ્યસ્થ જેલ. ભાવનગર | 26 |

| | | |
|---|---|---|
| 1301 | મ્યુ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ. નાગલપુર. મહેસાણા -૦૨ | 529 |
| 1302 | પી.ખે. ના.સ. બેંક લિ.. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ. ખેરાલુ. | 474 |
| 1304 | શ્રી એમ.એમ.શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી, મહેસાણા. | 314 |
| 1305 | શ્રી બી.પી.બી. આર્ટસ એન્ડ એમ.એચ.જી. કોલેજ . ઊંઝા. મહેસાણા. | 411 |
| 1308 | શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ. મુ.તા. વિસનગર. | 509 |
| 1310 | શ્રી સાર્વજનિક કેળવણી મંડળ. મહેસાણા. | 2110 |
| 1331 | મહેસાણા જિલ્લા જેલ. મહેસાણા. | 94 |
| 1401 | પ્રાદેશિક કેન્દ્ર. પી/૮. ટીચિંગ સ્ટાફ ક્વાટર્સ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. | 969 |
| 1403 | શ્રી પુ.એન. મહેતા આર્ટસ કોલેજ. મોરબી. રાજકોટ. | 433 |
| 1413 | શ્રી હરીબાપા ચેરીટેબલ સંચાલિત આર્ટસ કોમર્સ કોલેજ, જસદણ, રાજકોટ. | 283 |
| 1416 | મેમરી ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ. | 27 |
| 1423 | શ્રી સંગીત નૃત્ય નાટક શિલ્પ ચિત્રકળા કેળવણી મંડળ, રાજકોટ. | 343 |
| 1426 | શ્રી ગંગોત્રી એજ્યુકેશન ટ્રસ્ટ. રાજકોટ. | 330 |
| 1439 | રાજકોટ જિલ્લા જેલ. રાજકોટ. | 69 |
| 1503 | મધ્યસ્થ જેલ, વડોદરા. | 98 |
| 1505 | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા આર્ટસ કોલેજ, જેતપુર, અમદાવાદ. | 162 |
| 1506 | શ્રી નટવરસિંહ આર્ટસ એન્ડ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, છોટા ઉદેપુર. | 1108 |
| 1517 | શેઠ ટી.સી. કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી જિ. છોટા ઉદેપુર | 517 |
| 1522 | દેવ ઈન્ફોટેક , કારેલીબાગ, વડોદરા. | 342 |
| 1523 | રાજપીપળા સબ જેલ | 35 |
| 1524 | છોટા ઉદેપુર સબ જેલ, છોટા ઉદેપુર. | 01 |
| 1525 | શ્રી હંસા મહેતા ગ્રંથાલય, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.-૩૮૯ ૦૦૧ | 1700 |
| 1601 | શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ, ગોધરા.-૩૮૯ ૬૩૦ | 1339 |
| 1603 | માણેકલાલ એમ. ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુ. કલોલ, જિ- પંચમહાલ | 354 |
| 1604 | આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ . મુ. સંતરામપુર, જિ- પંચમહાલ | 823 |
| 1608 | શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટસ કોલેજ. વાઘજીપુરા. તા.શહેરા. જિ. પંચમહાલ | 134 |
| 1701 | શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ.એમ. આર્ટસ કોલેજ, મુ.મોડાસા, જિ | 797 |
| 1702 | ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ કોલેજ, મોડાસા. | 903 |
| 1703 | શેઠ એચ.પી. આર્ટસ એન્ડ તલોદ એસ.એમ. કોમર્સ કોલેજ, તલોદ-૩૮૩૨૫૫ | 374 |
| 1704 | ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે. જે. પટેલ કોમર્સ, મુ.તા.ખેડબ્રહ્મા. | 56 |
| 1707 | વિશ્વમંગલમ- અનેરા, આકોદરા, તા. હિંમતનગર, જિ- સાબરકાંઠા | 1171 |
| 1709 | એસ.એસ. મહેતા આર્ટસ એન્ડ એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગર, જિ- સાબરકાંઠા | 408 |
| 1711 | પ્રકાશ ટ્રસ્ટ, હિંમતનગર. સાબરકાંઠા. | 122 |
| 1720 | શ્રી એન.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ. પ્રાંતિજ. સાબરકાંઠા | 77 |
| 1801 | સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ. અઠવા લાઈન્સ. સુરત. | 1254 |
| 1802 | શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે. શાહ શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ. વ્યારા | 400 |
| 1817 | વિદ્યાભારતી, નવસારી. | 75 |
| 1818 | મધ્યસ્થ જેલ, સુરત. | 40 |
| 1901 | શ્રી એસ.એસ.જે. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ. કુતિયાણા | 139 |

| | | |
|---|---|---|
| 1904 | મધ્યસ્થ જેલ. પોરબંદર | 10 |
| 2001 | એમ.પી. શાહ કોમર્સ કોલેજ. સુરેન્દ્રનગર. | 263 |
| 2014 | શ્રી એ.આર.એસ. સખિદા આર્ટસ કોલેજ, લીમડી, સુરેન્દ્રનગર. | 105 |
| 2201 | શ્રી એમ.આર. દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલી. | 882 |
| 2301 | એમ.આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા. | 1625 |
| 2302 | નર્મદા ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ, તા. નાદોદ, જિ- નર્મદા. | 406 |
| 2401 | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, પાટણ.-૩૮૪૦૫૦ | 1971 |
| 2501 | શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુ- ધરમપુર | 2172 |
| 2506 | વનવાસી કલ્યાણ મંડળ. ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર. ધરમપુર. | 583 |
| 9999 | હેડ ઓફીસ | 79 |
| | કુલ | 56049 |

## Admission Data Aug. 2015 - 16

| Course/Subject | Aug-2015 & Feb -2016 |
|---|---|
| (1) BDP | |
| B.A. | 29881 |
| B.COM | 3055 |
| (2) Master Degree | |
| M.A.-Gujarati | 1105 |
| M.A.-Hindi | 290 |
| M.A.-English | 1188 |
| M.A.-Sociology | 1277 |
| (3) Certificate Courses | 16623 |
| (4) Diploma Courses | 189 |
| (5) Post Graduate Diploma (PGDDE) | 28 |
| (6) Vocational & Proffesonal | 9014 |
| (7) B.ed / Sp.B.ed | 500 |

# Regular Courses Exam
# (August-2015 & January-2016)

| Sr. No. | Courses | Appeared Student Aug-15 | Passed Students Aug-15 | Total | Appeared Student Jan-16 | Passed Student Jan-16 | Total |
|---|---|---|---|---|---|---|---|
| *1.* | B.A. | 18280 | 2300 | 32241 | 2300 | 2300 | 13961 |
| *2.* | B.Com. | 1969 | 212 | 3117 | 212 | 212 | 1148 |
| *3.* | BPP | 843 | 415 | 1963 | 1120 | 565 | 980 |
| *4.* | MEG | 552 | 157 | 1032 | 157 | 157 | 480 |
| *5.* | MGT | 565 | 130 | 1015 | 130 | 130 | 450 |
| *6.* | MHD | 172 | 63 | 309 | 63 | 63 | 137 |
| *7.* | MSO | 549 | 145 | 1053 | 145 | 145 | 504 |
| *8.* | DAA | 9 | 2 | 15 | 6 | - | 2 |
| *9.* | DACA | 7 | 3 | 14 | 7 | 2 | 5 |
| *10.* | DFM | 22 | 5 | 29 | 7 | - | 5 |
| *11.* | DIN | 8 | - | 8 | - | - | |
| *12.* | DMCH | 27 | 20 | 47 | 20 | 4 | 24 |
| *13.* | DOR | 5 | - | 7 | 2 | - | |
| *14.* | DVHW | 23 | 8 | 32 | 9 | 4 | 12 |
| *15.* | DSL | 3 | - | 9 | 6 | - | |
| *16.* | DCH | 1 | - | 3 | 2 | - | |
| *17.* | CPCS | 13 | 10 | 19 | 6 | 6 | 16 |
| *18.* | CMT | 16 | 2 | 23 | 7 | 3 | 5 |
| *19.* | CIC | 23 | 7 | 35 | 12 | 4 | 11 |
| *20.* | CCAW | 185 | 55 | 360 | 175 | 104 | 159 |
| *21.* | CTE | 21 | 9 | 35 | 14 | 7 | 16 |
| *22.* | CEA | 16 | 16 | 26 | 10 | 8 | 24 |
| *23.* | CNM | 61 | 45 | 98 | 37 | 24 | 69 |
| *24.* | CCPB | - | - | 2 | 2 | 2 | 2 |
| *25.* | CCSE | 6 | 6 | 26 | 20 | 20 | 26 |
| *26.* | CIN | 42 | 39 | 116 | 74 | 73 | 112 |
| *27.* | CTM | 4 | 3 | 6 | 2 | - | 3 |
| *28.* | CYS | 29 | 28 | 147 | 118 | 111 | 139 |
| *29.* | CHR | 32 | 25 | 65 | 33 | 23 | 48 |
| *30.* | CES | 3 | - | 6 | 3 | 3 | 3 |
| *31.* | CFN | 1670 | 1513 | 4149 | 2479 | 2080 | 3593 |
| *32.* | CALT | 9 | 8 | 14 | 5 | 5 | 13 |
| *33.* | CCCD | 1631 | 1405 | 3006 | 1375 | 1357 | 2762 |
| *34.* | CTBA | 8 | - | 26 | 18 | 10 | 10 |
| *35.* | CCC | 7942 | 4230 | 16545 | 8603 | 4329 | 8559 |
| *36.* | BLIS | 245 | 24 | 381 | 136 | 41 | 65 |

# Vocational and Professional Data
# (August-2015 & January-2016)

| Sr. No | Courses | Appeared Student Aug-15 | Pass Student Aug-15 |
|---|---|---|---|
| 1. | A-SERIES | 28 | 4 |
| 2. | BBA | 296 | 17 |
| 3. | BBAHT | 204 | 24 |
| 4. | BBAAT | 34 | 2 |
| 5. | BMGA | 19 | 1 |
| 6. | BCAMUL | 31 | 2 |
| 7. | BCA | 1801 | 218 |
| 8. | BBAIB | 18 | - |
| 9. | FLCF | 03 | - |

| AUG_2015 | | | |
|---|---|---|---|
| Year | Total | NC | SC |
| | 48 | 48 | |
| Dec-15 | 410 | | 410 |
| Dec-16 | 42 | | 42 |
| TOTAL | 500 | 48 | 452 |

| Year | Total | NC | SC |
|---|---|---|---|
| Dec-16 | 500 | 66 | 434 |
| TOTAL | 500 | 66 | 434 |



| Sr. No | Course | January | January - 16 | |
|---|---|---|---|---|
| | | | Pass | Fail |
| 1 | BCA(NEW) | 1179 | | |
| 2 | BCA(OLD) | - | - | - |
| 3 | BBA(NEW) | - | - | - |
| 4 | BBA(OLD) | - | - | - |
| 5 | BBAHT(NEW) | 58 | - | - |
| 6 | BBAHT(OLD) | 18 | - | - |
| 7 | BCAMUL | 11 | - | - |
| 8 | BBAAT | 10 | - | - |
| 9 | BBAIB | 5 | - | - |
| 10 | BMGA | 7 | | |
| 11 | BSW | 287 | 42 | 245 |
| 12 | MSW | 587 | 447 | 140 |
| 13 | DBA | 4 | - | - |
| 14 | DCA | 32 | 3 | 29 |
| 15 | FLCE/FLCF | 11 | - | - |
| 16 | PGDCA | 251 | 17 | 234 |
| 17 | PGDBA | 12 | 3 | 9 |
| 18 | PGDF | 3 | - | - |
| 19 | PGDM | 3 | - | - |
| 20 | PGDHR | 28 | 18 | 10 |
| 21 | APGDBA | 18 | - | - |
| 22 | APGDHR | - | - | - |
| 23 | APGDF | - | - | - |
| 24 | APGDM | - | - | - |
| 25 | APGDHC | 1 | - | - |

**સ્વાધ્યાયઃ પરમં તપઃ**





સંકલન : ડૉ. આવા શુક્લા (નિયામકશ્રી, વિદ્યાર્થી સહાય)

સહ-સંકલન : ડૉ. ચેતના શાહ- ગ્રંથપાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧

ગ્રાફિકસ ડિઝાઈન : ગીતા પરીખ

ટાઈપિંગ : સાહિસ્તા મલેક



સંપાદક : પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય
કા. કુલસચિવશ્રી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧
ઈ-મેઈલ : feedback@baou.edu.in
www.baou.edu.in